# મેઘાણીપ્રીતિ, સંશોધનનિષ્ઠા અને અભિવ્યક્તિનો ત્રિવેણીસંગમ : 'મેઘાણીચરિત' | ભાવિકા ન. પારેખ

[**'મેઘાણીચરિત'** : કનુભાઈ જાની, પ્રકાશક : વિશ્વકોશ ટ્રસ્ટ, પ્ર.આ. ૨૦૦૨, પૃ. ૮+૧૦૪, કિં. રૂ. ૮૦]

કનુભાઈ જાનીકૃત 'મેઘાણીચરિત' ડેમી સાઇઝનાં ૯૦ પાનાંમાં બાર પ્રકરણો અને બે પરિશિષ્ટમાં છે. આ પુસ્તકમાં ઝવેરચંદ મેઘાણીનું આંતરિક અને બાહ્ય વ્યક્તિત્વ આલેખાયું છે. મેઘાણીના ૧૦૦થી પણ વધારે ગ્રંથોમાં વિસ્તરેલું તમામ સાહિત્ય કનુભાઈ જાનીએ ૮૪ વર્ષની વયે આ ચરિત લખવા માટે ફરીથી વાંચ્યું છે. મેઘાણીના જીવનચરિત્રને પ્રગટાવવા શક્ય એટલા બધા જ પ્રયત્નો કર્યા છે. 'મેઘાણીચરિત'માં કનુભાઈ જાનીની મેઘાણીપ્રીતિ, સંશોધનનિષ્ઠા, અને અભિવ્યક્તિની જીવંતતાનો ત્રિવેણીસંગમ રચાયો છે.

અહીં આપણે મેઘાણીના જીવનની ઝીણી વિગતોમાં ઊતરવું નથી કે પછી મેઘાણીવંદના પણ કરવી નથી. એ કામ તો લેખકે દર્શાવ્યું છે જ, પરંતુ લેખકે આ ચરિત્ર કેવી રીતે આસ્વાદ્ય બનાવ્યું છે ? તેની જરા સરખી વાત કરવાનો મારો પ્રયત્ન છે.

આ પુસ્તકના બીજા પ્રકરણમાં 'પત્રકારત્વ અને લોકવિદ્યા' નામના મુદ્દામાં તેઓ નોંધે છે કે મેઘાણીના જીવનમાં બે વસ્તુ એકસાથે બની પત્રકારત્વ અને લોકવિદ્યા. એ સાપ્તાહિક હતું એટલે સોમથી ગુરુ કામ ચાલે, ફાજલ પડેલા શુક્ર, શનિ, રવિમાં મેઘાણી લોકસાહિત્યની ખેપે ઊપડે : કોઈ ડુંગરા, જંગલો, નેસડા, ડાયરા, ઘોડું, ઊંટ, ગાડું, વહાણ, રેલવે કે પેદલ. લોક ભેળા લોક થઈને ભળે અને જે મળે તે લખીને સૌરાષ્ટ્રને પાને મૂકે. આ ક્ષેત્રકાર્ય દશેક વરસ ચાલ્યું : 'પરકમ્મા'માં મેઘાણીએ જે અવતરણ આપ્યું છે. તે અહીં લેખક નોંધે છે કે : 'પત્રકારત્વની સ્ફૂર્તિ ન હોત તો લોકસાહિત્યનો આ રસ જીવતો રહી શક્યો હોત શું ? ટીપે ટીપે, ટુકડે ટુકડે, સમસ્ત જીવન, વાણી કવિતા, રીતરસમો, પશુઓ, પરંપરાઓ, પહેરવેશો, સંસ્કારો, ભૌગોલિક અવસ્થાન્તરો ઇત્યાદિનું સમગ્રતાએ ખેડાણ કરતો કરતો, હું લોકસાહિત્યમાં પલોટાયો છું. બિન્દુએ બિન્દુએ મધુસંચય વગર પોતાની અંદરના રસ વડે એ વનમધુનું નૂતન રસાયન નિપજાવ્યા વગર મધપૂડો બનતો નથી.' (પૃ. ૭)

અહીં લેખક નોંધે છે કે મેઘાણીનો પત્રકારત્વ અને લોકવિદ્યા માટેનો જીવન્ત માનવસંપર્ક હતો. આ અંગે એમનું કાર્ય સતત ચાલ્યું ને પ્રગટતું રહ્યું. આ કાર્ય કરવાની અનુકૂળતા અઠવાડિયામાં ફાજલ પાડેલ ત્રણ દિવસોને કારણે પ્રાપ્ત થઈ. આ પુસ્તકમાં તેમણે મેઘાણીના સર્વે પાસાને પ્રગટ કરી આપતી સબળ અભિવ્યક્તિ કરી છે. તેમની અભિવ્યક્તિની ખૂબી એ છે કે તેમની દોડતી કલમે, ક્યાંક તો ઇશારાથી ચલાવીને માત્ર નોંધ – ટાચણ આપીને આગળ વધ્યા છે. બીજું ખાસ કે તેમની અભિવ્યક્તિમાં 'છે' બહુ ઓછી વાર આવે છે. જેમ કે, ત્રીજું પ્રકરણ 'રસધાર'ના આરંભમાં તેઓ જણાવે છે તેમ, આ 'રસધાર' એ મેઘાણીના લોકસાહિત્યનું જ નહીં, એમના સમગ્ર સાહિત્યનું પ્રવેશદ્વાર છે. એમનો સાહિત્યરંગી લોકસાહિત્ય-અભિગમ; ઉતારવા-કંડારવાની પદ્ધતિ; તળપદી ને સરળ, બોલચાલની જ છતાં સાલંકૃત છટાદાર ભાષા; નાટ્યાત્મક ગતિમય પ્રસંગાલેખન; ધારદાર સંવાદો; નજરોનજર દૃશ્યો ખડાં કરી આપતી વર્ણનશૈલી; કથાગત જીવનમૂલ્યોનું મહત્ત્વસ્થાપન; ગદ્યમાં ક્યારેક આવી જતી ન્હાનાલાલીય લયલીલા; સૌરાષ્ટ્રીય તળપદા જીવનની ને ભાષાની ઝીણી ઝીણી જાણકારી; લોકજીવન પ્રત્યે તો અનર્ગળ પ્રેમ – આ બધું, એમનાં સ્વભાવલક્ષણોનું સમગ્ર સંચલન એમાં ઊતર્યું છે. સામાન્ય રીતે લોકસાહિત્યનો સંપાદક, માહિતીદાતા પાસેથી જે મળે તે યથાતથ, જરૂરી નોંધ સાથે, ઉતારી, એનાં નામ-ઠામ સાથે પૂરા ઋણ-સ્વીકારથી પછી, લક્ષમાં તો રાખે છે માહિતીને જ; મેઘાણી તો માહિતી અને પ્રદાતા જ પાત્ર બની બેસે !' (પૃ. ૧૧)

લેખકે અત્યંત તકેદારી રાખીને મેઘાણીના શબ્દને અનુસરી મુદ્દાસર ઘટતી વિગતોવાળું આ સાહિત્યચરિત્ર લખીને મેઘાણીના જીવન અને શબ્દકાર્યની શ્રદ્ધેય માહિતી આપીને આ પુસ્તક ચીવટપૂર્વક તૈયાર કર્યું છે. ઉપરાંત આ ચરિત્ર મેઘાણીના જીવન તેમજ સાહિત્યમાં રસ ધરાવનારાઓને ઉપયોગી થાય તેવું છે. શબ્દોની કરકસર કરીને લેખકે ચિત્ર સમગ્ર ઉપસાવ્યું છે. જેમકે, મેઘાણીને જીવન અને કથામાં રસ છે. જીવન સમૃદ્ધ કરતી વાતને તો કલમધર્મ સમજે છે. તેમનો લોકસાહિત્યનો રસ જીવનની છેલ્લી ઘડી સુધી સજીવ અને સક્રિય હતો. એમના જીવનમાં નિરાંત જીવે બેઠા ન હતા. સતત જાગરણ અને સતત પગરણ ! – આવી ઘણી ઘણી બાબતોને લેખકે અહીં રજૂ કરી છે. ઉપરાંત લેખકના આરૂઢ અભ્યાસીનાં દર્શન પણ થાય છે. કનુભાઈ જાનીએ નાના દેખાતા ચાટલામાં આભલાને પ્રતિબિંબાવવાનો પુરુષાર્થ કર્યો છે. આ ચરિત્ર લખતા પૂર્વે તેમણે મૂળ કૃતિઓને ફરી ફરી વાંચીને ચિત્તમાં તાજી કરીને ચાલ્યા છે.

પ્રો. કનુભાઈ જાનીની સંશોધનનિષ્ઠાને તો સલામ છે. આ પુસ્તક તેમણે અત્યંત ચીવટપૂર્વક તૈયાર કર્યું છે. લાઘવપૂર્ણ રૂપે મેઘાણીના જીવનસમગ્રને પ્રતિબિંબિત કર્યું છે. લેખક પ્રસ્તાવનામાં જ જણાવે છે કે, ''સાહિત્યકારનું ચરિત્ર નાનું હોય કે મોટું અને ચિત્રકારે ભલે એનું સાહિત્ય અનેક વાર વાંચેલું હોય છતાં લખતી વખતે પાછું સમગ્ર સાહિત્ય ફરી વંચાય તો જ લેખન તાજું અને શ્રદ્ધેય બને. પણ નાના-મોટાં સોએક પુસ્તકોવાળા મેઘાણી જેવામાં એમ કરવા જતાં કેટલો સમય લાગે ? લાગે. પણ સારો રસ્તો તો એ જ.'' અને એટલે લેખકે મેઘાણીની કૃતિઓને ફરી ફરી વાંચીને ચિત્તમાં તાજી કરીને આ ચરિત્ર લખ્યું છે.

મેઘાણીનું ચરિત્ર નાનીમોટી પુસ્તિકાઓનું બનેલું છે. પણ લેખકે અહીં એ બાબતોનું પણ ધ્યાન રાખ્યું છે. મેઘાણીની પ્રત્યેક કૃતિનું વસ્તુ, પ્રકાશન, મહત્ત્વ વગેરેનો શક્ય એટલા ઓછામાં ઓછા શબ્દોમાં પરિચય મળી રહે તે રીતે સંક્ષેપમાં છતાં સમગ્ર મેઘાણી જીવન અને શબ્દકાર્યની વિશ્વસનીય માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે. મેઘાણીનું જીવનકાર્ય શબ્દજગતના ત્રિવિધ વિસ્તારમાં છે : લોકીવાઙ્‌મય, પત્રકારત્વ અને સર્જન. એટલે એમના જીવનચરિત્રમાંય માંડીને નજર રાખી છે. બીજું ખાસ તો લેખક એમ કહે છે કે, ચરિત્ર એ મોટા ફલક પરનું કામ છે. મોટા ફલકને નાની પરિધિમાંય જોઈ શકાય પણ ત્યારેય તે શ્રમ સરખો જ પડે ! સામગ્રી તો બધી જ જોવી પડે ! આકાશને ઘરમાંથી પણ જોઈ શકાય – બારી વાટે. પણ એની બે શરતો : એ એટલી ઊંચી હોવી જોઈએ કે જ્યાંથી દૃષ્ટિની આડે કશું જ ન આવે, તથા બારીના સળિયા કે એની જાળી કે એનો કાચ જો હોય તો તે એવા સાફ હોવાં જોઈએ કે દર્શન સાફ મળે ! ચરિત્ર માટેય આ સાચું છે. સ્મૃતિપટ પર બધુ સ્પષ્ટ સમાય એટલે ઊંચે જવું પડે. પછી એની આડે કોઈનાં – મૂલ્યાંકનો કે પોતાના ગ્રહો – આગ્રહો ન નડે તેય જોવું પડે.' સાહિત્યિક ચરિત્ર દુર્ગમ છે, આમ તો વિશેષ કરીને સાહિત્યકારનું ચરિત્ર માત્ર દુષ્કર છે; અહીં લેખકની નિખાલસતા જોઈ શકાય છે. તેઓ નમ્રતાપૂર્વક એક જ વાત કહે છે કે, 'હું નાના

દેખાતા ચાટલામાં આભલું પ્રતિબિંબાવવા ગયો છું; તેમના સંશોધનની અન્ય વિશેષતા એ છે કે મેઘાણીની મૂળ કૃતિઓને ફરી ફરી વાંચી છે, અને સમયની આનુપૂર્વીમાં ભારે શ્રમ સાથે ગોઠવી આપી છે. લેખક અભ્યાસને સહકારી પ્રવૃત્તિ માને છે. તેમણે સર્જનાત્મક ઢબે નહિ પરંતુ અભ્યાસાત્મક રીતે આ ચરિત્ર લખ્યું છે. એટલે જ તેઓ કહે છે તેમ ‘આ શબ્દનુસંધાની ચરિત છે. મેઘાણીની કલમનો એમના જીવનની ભૂમિકામાં મૂકેલો આલેખ છે. મેઘાણીના જીવનઉદ્યોગનું ચિત્ર છે. લેખક મોટેભાગે આ ચરિત્ર લખવામાં મેઘાણીના શબ્દને અનુસર્યા છે.

અંતે લેખકની સરળતા અને નિખાલસતા તો આ અવતરણમાં જોવા મળે છે. જેમ કે, ‘આ ચરિત્ર શ્રદ્ધેય બને એની મેં ઘટતી તકેદારી રાખી છે. છતાં ભૂલ કે સરતચૂક ન હોય એમ કેમ કહું ? જે કામ કરે એને ભૂલોનોય અધિકાર હોય, હજી આ પૂર્ણ ચરિત્ર નથી; મુદ્દાસરનું ઘટતી વિગતોવાળું સાહિત્યિક ચરિત્ર છે.’

આમ, પ્રો. કનુભાઈ જાની પાસેથી આપણને ગુજરાતી લોકસાહિત્યના સમર્થ સંશોધક અને ઉદ્ધારક ઝવેરચંદ મેઘાણી વિશેનું આ પુસ્તક ઉપલબ્ધ થયું જે મેઘાણીના જીવનના સમગ્ર પાસાઓને લાઘવપૂર્ણ રીતે ઉજાગર કરે છે. એમ આ જીવનચરિત્ર સાચા અર્થમાં એક મોનોગ્રામ બની રહે છે. એના માટે એટલું જરૂર કહી શકીએ કે : ઝાકળનાં ટીપાંમાં સૂર્ય ચમક્યો છે.

r